# રાજ્ય પરીક્ષા બોર્ડ,ગુજરાત રાજ્ય, સેક્ટર-૨૧,ગાંધીનગર

## "મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ પરીક્ષા-૨૦૨૫"

**સુધારા જાહેરનામા ક્રમાંક: રાપબો/જ્ઞા.સા.સ્કો.પરીક્ષા/૨૦૨૫-૨૬/૪૧૨૫-૪૨૨૨** **તા:૨૬/૦૩/૨૦૨૫**

**વંચાણે લીધા :**

(૧) શિક્ષણ વિભાગના તા:૦૭/૦૬/૨૦૨૩ના ઠરાવ ક્રમાંક:ED/MSM/e-file/3/2023/0079/CHH

(૨) જાહેરનામાં ક્રમાંક:રાપબો/જ્ઞા.સા.સ્કો.પરીક્ષા/૨૦૨૫-૨૬/૨૧૨૭-૨૨૨૩,તા.૨૪/૦૨/૨૦૨૫

(૩) આદિજાતિ વિકાસ વિભાગ પત્રક્રમાંક:TDD/ANS/e-file/25/2025/183/G ,તા.૨૧-03-૨૦૨૫

ધોરણ- ૧ થી ૮માં સરકારી અથવા અનુદાનિત પ્રાથમિક શાળાઓમા સળંગ અભ્યાસ કરી ધોરણ-૮નો અભ્યાસ પૂર્ણ કરેલ હોય તેમજ બાળકોનો મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ, ૨૦૦૯ (RTE Act, 2009) અને તે હેઠળ રચાયેલા બાળકોનો મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર નિયમો, ૨૦૧૨ અન્વયે ૬ થી ૧૪ વર્ષના નબળા વર્ગોના અને વંચિત જૂથના બાળકોને સ્વનિર્ભર શાળાઓમાં વર્ગની સંખ્યાના ૨૫%ની મર્યાદામાં મફત શિક્ષણની જોગવાઈ હેઠળ સ્વનિર્ભર શાળાઓમાં ધોરણ-૧માં પ્રવેશ મેળવીને ધોરણ-૮ સુધીનો સળંગ અભ્યાસ પૂર્ણ કરેલ હોય તેવા વિદ્યાર્થીઓ પૈકી તેજસ્વી વિદ્યાર્થીઓને મેરીટના ધોરણે સરકારી/ગ્રાન્ટેડ અથવા નિયત ધારા ધોરણ મુજબ પસંદ થયેલ સ્વનિર્ભર શાળાઓ પૈકીની માધ્યમિક શાળાઓમાં ધોરણ-૯ માં પ્રવેશ મેળવી ધોરણ-૧૨ સુધીનું શિક્ષણ પ્રાપ્ત કરી શકે તે માટે ગુજરાત રાજયના ૨૫,૦૦૦ તેજસ્વી વિદ્યાર્થીઓને દર વર્ષે પસંદ કરીને તેમને ધોરણ-૯ થી ૧૨ સુધીના અભ્યાસ માટે સ્કોલરશીપ આપવા **'મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ યોજના'** અમલમાં મુકવામાં આવેલ છે. આ યોજના અન્વયે આમુખ-૨ના જાહેરનામાથી રાજય પરીક્ષા બોર્ડ દ્વારા "મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ પરીક્ષા " તા.૨૯/૦૩/૨૦૨૫ ના રોજ યોજવાનું આયોજન કરવામાં આવેલ હતુ.

આમુખ-૩ના પત્ર અન્વયે સદર પરીક્ષાના મેરીટના આધારે આગામી શૈક્ષણિક વર્ષ-૨૦૨૫-૨૬ માટે આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની ૭૪ આર્દશ નિવાસી શાળાઓમાં ધોરણ-૯માં પ્રવેશ આપવાનો નિર્ણય થયેલ છે. આથી "મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ પરીક્ષા " હવે તા-૧૨/૦૪/૨૦૨૫ના રોજ આ પરીક્ષા યોજવામાં આવશે.

આથી જો કોઇ વિદ્યાર્થીઓએ અગાઉ આ પરીક્ષાનું ફોર્મ ભરેલ ન હોય અને ઉપરોક્ત આદર્શ નિવાસી શાળાઓમાં ધોરણ-૯ના પ્રવેશ માટેના ઠરાવને આધારે ફોર્મ ભરવા ઇચ્છતા હોય તે વિદ્યાર્થી સરકારી/ગ્રાન્ટેડશાળાઓ માટે https://schoolattendancegujarat.in/તેમજ સ્વનિર્ભર શાળાઓના વિદ્યાર્થીઓ માટે https://sebexam.org/પર તા.27/03/2025 થી તા.07/04/2025 દરમ્યાન ફોર્મ ભરી શકાશે.

આ અગાઉ મુખ્યમંત્રી જ્ઞાનસાધના મેરીટ સ્કોલરશીપ પરીક્ષા-૨૦૨૫નું ફોર્મ જે વિદ્યાર્થીઓએ ભરેલ છે તેમને ફરી ફોર્મ ભરવાનું રહેશે નહી.સદર પરીક્ષા અંગે આમુખ-૨ના જાહેરનામાની અન્ય વિગતો યથાવત રહેશેપરીક્ષા સંબંધી વિગતોથી સતત માહિતગાર થવા માટે **http://www.sebexam.org** વેબસાઈટ જોતા રહેવાનું રહશે.

(પ્રકાશ.કે.ત્રિવેદી)
અધ્યક્ષ
રાજય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

સ્થળ : ગાંધીનગર
તારીખ: ૨૬/૦૩/૨૦૨૫

**નકલ સવિનય જાણ તથા અમલ સારૂઃ**

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,તમામ.(સંબંધિત વિદ્યાર્થીઓના ધ્યાને મુકવા શાળાઓને જાણ કરવા સારૂ)
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,તમામ.(સંબંધિત વિદ્યાર્થીઓના ધ્યાને મુકવા શાળાઓને જાણ કરવા સારૂ)
- શાસનાધિકારીશ્રી, તમામ.
- સ્ટેટ એમ.આઇ.એસ., વિદ્યાસમીક્ષા કેન્દ્ર,સેકટર-૧૯,ગાધીનગર
- જનરલ મેનેજરશ્રી, ઇન્ડેક્ષ-બી,ઉદ્યોગ ભવન,ગાંધીનગર.

**નકલ સવિનય રવાના જાણ સારૂ :**

- માન. શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન. રાજય કક્ષાના શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન. અધિક મુખ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, ગાંધીનગર.
- માન.અગ્રસચિવશ્રી(પ્રા.મા.શિક્ષણ)ના અંગત મદદનીશ સચિવશ્રી,શિક્ષણ વિભાગ,નવા સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ સચિવશ્રી, પ્રાથમિક શિક્ષણ, નવા સચિવાલય, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી,શાળાઓની કચેરી, વિદ્યાસમીક્ષા કેન્દ્ર,સેકટર-૧૯,ગાધીનગર
- માન.કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, બિરસામુંડા ભવન,ગાંધીનગર
- માન. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, વિદ્યાસમીક્ષા કેન્દ્ર,સેકટર-૧૯,ગાધીનગર
- માન. નિયામકશ્રી,ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ.